સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE CURRENT NEWS WEEK 43નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

ICE RAJKOT SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[OCT-2019]
[20/10 to 26/10]

# WEEK-43

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હવે ગાંધીનગરમાં

## આપની વધુ પાસે, હર હંમેશ આપની સાથે


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 20 OCTOBER, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : 20 ઓક્ટોબર, વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિન (ઓસ્ટીયોપોરોસીસ એ હાડકાનો એક રોગ છે)

## ➤ ગુજરાતનો સૌથી મોટો પશુ મેળો 'વૌઠાનો મેળો'



ગુજરાતમાં દર વર્ષે દેવ દિવાળીના તહેવાર દરમિયાન કારતકી અગિયારસથી કારતકી પૂર્ણિમા એટલે કે દેવ દિવાળી સુધી પાંચ દિવસ માટે વૌઠા ખાતે એક મેળો ભરાય છે.

- જે ગુજરાતનો સૌથી મોટો પશુ મેળો છે.
- વૌઠાનો મેળો મોટા પાયે ગધેડાની લે-વેચ માટે પ્રસિદ્ધ છે.
- જ્યારે ભારતમાં રાજસ્થાનના પુષ્કર ખાતે યોજાતા મેળામાં ઊંટની મોટા પાયે લે-વેચ થાય છે.
- ભારતમાં પુષ્કરનો પશુ મેળો પ્રસિદ્ધ છે, તેને આધારે વૌઠાના મેળાને 'મિની પુષ્કર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગુજરાતમાં વૌઠા અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલું છે.
- ગુજરાતમાં વૌઠા ખાતે જે જગ્યાએ સાબરમતી અને વાત્રક નદી મળે છે તે સ્થળે આ મેળો યોજાય છે.
- જોકે, સાબરમતી અને વાત્રક નદીઓના મિલન અગાઉ હાથમતી, શેઢી, માઝમ, મેશ્વો અને ખારી એમ કુલ પાંચ નદીઓ સાબરમતી નદીને મળે છે.
- આથી, અહીં સાબરમતી, વાત્રક, હાથમતી, શેઢી, માઝમ, મેશ્વો અને ખારી એમ કુલ સાત નદીઓનો સંગમ થાય છે. જેને 'સપ્તસંગમ' તરીકે ઓળખવામાં આવે છે.
- આ 'સપ્તસંગમ' એટલે કે સાત નદીઓના સંગમમાં કારતકી પૂર્ણિમા એટલે કે દેવ દિવાળીના રોજ સ્નાન કરવાનું ભારતીય હિન્દુ પરંપરામાં વિશેષ મહત્ત્વ છે.
- આથી, અહીં આ સ્થળે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ સ્નાન માટે પણ આવે છે. અને અહીં સ્નાન કરીને અલાહાબાદ અથવા તો પ્રયાગરાજના ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યાની ધન્યતા અનુભવે છે.

**નોંધ :** તાજેતરમાં 8થી 12 નવેમ્બર, 2019 દરમિયાન વૌઠા ખાતે આ મેળાનું આયોજન થયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 18 ઓક્ટોબર (B) 19 ઓક્ટોબર (C) 20 ઓક્ટોબર (D) 21 ઓક્ટોબર — (C)
2. ગુજરાતના સૌથી મોટા પશુ મેળા તરીકે કયો મેળો પ્રસિદ્ધ છે ?
   (A) વાવ (B) વૌઠા (C) ખારાગોઢા (D) કચ્છ — (B)
3. વૌઠા ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?
   (A) અમદાવાદ (B) સાબરકાંઠા (C) બનાસકાંઠા (D) મહેસાણા — (A)

| | | |
|---|---|---|
| 4. | ગધેડાની લે-વેચ માટે પ્રસિદ્ધ વૌઠાનો મેળો ગુજરાતના અમદાવાદ જિલ્લાના કયા તાલુકામાં યોજાય છે ?<br>(A) સાણંદ (B) ધંધુકા (C) ધોળકા (D) વિરમગામ | (C) |
| 5. | ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા પાસે કઈ સાત નદીઓનો સંગમ થાય છે ?<br>(A) સાબરમતી, વાત્રક, શેઢી, હાથમતી, માઝમ, મેશ્વો, ભોગાવો<br>(B) સાબરમતી, વાત્રક, શેઢી, હાથમતી, માઝમ, મેશ્વો, હિરણ<br>(C) સાબરમતી, વાત્રક, શેઢી, હાથમતી, માઝમ, મેશ્વો, તાપી<br>(D) સાબરમતી, વાત્રક, શેઢી, હાથમતી, માઝમ, મેશ્વો, ખારી | (D) |

## 21 OCTOBER, 2019 MONDAY

### ➤ દિવસ મહિમા : 21 ઓક્ટોબર, પોલીસ સ્મૃતિ દિવસ



ભારતમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિ (શહિદ) દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 21 ઓક્ટોબર, 1959ના રોજ ચીનના સૈનિકોએ લદાખ ખાતે ભારતના 10 પોલીસ જવાનોની હત્યા કરી હતી.
- આથી, ભારતમાં શહીદ પોલીસ જવાનોની સ્મૃતિમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ➢ શ્રી જોકો વિડોડો બીજી વખત ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ બન્યા



**શ્રી જોકો વિડોડો**એ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ તરીકે તાજેતરમાં **બીજી વખત** શપથ લીધા છે.

- તેઓ ઈન્ડોનેશિયાના **7મા** રાષ્ટ્રપતિ છે.
- તેમના પક્ષનું નામ **PDI-P** છે.
- તેઓ આ અગાઉ વર્ષ **2014**માં પ્રથમ વખત ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ બન્યા હતા.

### ઈન્ડોનેશિયા

ઈન્ડોનેશિયાએ આશરે **સત્તર હજારથી વધુ** ટાપુઓ ધરાવતો વિશ્વનો **સૌથી મોટો ટાપુ દેશ (Island Country)** છે.

- આ ઉપરાંત તે વસતીની દષ્ટિએ **ચોથો** સૌથી મોટો દેશ છે. અને સમગ્ર વિશ્વમાં સૌથી વધુ મુસ્લિમ વસતી ઈન્ડોનેશિયામાં જ આવેલી છે.
- ઈન્ડોનેશિયાની રાજધાની **જકાર્તા** છે.
- તેનું ચલણ **ઈન્ડોનેશિયન રૂપિયા** છે.

### ICE ? Questions

1. ભારતમાં 'પોલીસ સ્મૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 20 ઓક્ટોબર (B) 21 ઓક્ટોબર (C) 22 ઓક્ટોબર (D) 23 ઓક્ટોબર — **(B)**
2. તાજેતરમાં શ્રી જોકો વિડોડોએ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત શપથ લીધા છે ?
   (A) મલેશિયા (B) થાઈલેન્ડ (C) ઈન્ડોનેશિયા (D) સિંગાપોર — **(C)**
3. તાજેતરમાં શ્રી જોકો વિડોડો ફરીથી ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પદે ચૂંટાઈ આવ્યા છે...તેમના પક્ષનું નામ શું છે?
   (A) PDI-P (B) PDI-M (C) PDI-N (D) PDI-L — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 22 OCTOBER, 2019 TUESDAY

## ➢ દિવસ મહિમા : 22 ઓક્ટોબર, International Stuttering Awareness Day (બોલવામાં ખચકાટ અનુભવતા અથવા તો તોતડુ બોલતા લોકો અંગે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસ ઉજવાય છે)

## ➢ ભારત-નેપાળ વચ્ચે પ્રથમ બુદ્ધ સર્કિટ સ્પેશિયલ ટ્રેનનો પ્રારંભ

ભારતીય રેલવે દ્વારા તાજેતરમાં 19 ઓક્ટોબરથી 26 ઓક્ટોબર 2019 દરમિયાન **ભારત અને નેપાળ** વચ્ચે **પ્રથમ બુદ્ધ સર્કિટ સ્પેશિયલ ટ્રેન** ચલાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

- આ ટ્રેન દ્વારા **ભારત અને નેપાળ** એમ બંને દેશોમાં આવેલા **ભગવાન ગૌતમ બુદ્ધ** સાથે સંકળાયેલા તીર્થધામોની યાત્રા કરાવવામાં આવશે.

- જેમાં <u>લુમ્બિની</u> (ભગવાન બુદ્ધનું જન્મસ્થળ), <u>બોધ ગયા</u> (ભગવાન બુદ્ધને જ્યાં જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે સ્થળ), <u>સારનાથ</u> (જ્યાં ભગવાન બુદ્ધે પ્રથમ વખત ઉપદેશ આપ્યો હતો) અને <u>કુશીનગર</u> (ભગવાન બુદ્ધનું નિર્વાણ સ્થળ)નો સમાવેશ થાય છે.
- આ ટ્રેનની યાત્રાનો પ્રારંભ <u>નવી દિલ્હીના સફદરગંજ રેલવે સ્ટેશન</u>થી થશે. અને ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલા તીર્થ સ્થાનોની યાત્રા બાદ <u>નવી દિલ્હીના સફદરગંજ રેલવે સ્ટેશને</u> જ આ યાત્રા સમાપ્ત થશે.
- આ ટ્રેનની યાત્રામાં <u>આઠ દિવસ અને સાત રાત્રી</u>નો સમાવેશ થાય છે.
- આ ટ્રેન પર્સનલ ડિજિટલ લોકર, ફૂટ મસાજર્સ, સિંગલ સિટિંગ સોફા, CCTV કેમેરા, સ્મોક ડિટેક્શન એલાર્મ સિસ્ટમ વગેરે જેવી અનેક આધુનિક સુવિધાઓથી સજ્જ હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ➤ નવા ફીચર્સ સાથે ભીમ 2.0 એપ લોન્ચ




કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં <u>BHIM Appનું</u> નવું વર્ઝન <u>BHIM 2.0 App</u> લોન્ચ કરવામાં આવી છે.

- આ એપમાં નવા અનેક ફીચર્સ જોડવામાં આવ્યા છે. જેમ કે,

1) હવે આ એપમાં ડોનેશન ગેટ વે પણ ઉપલબ્ધ થશે.
2) આ એપ અગાઉ <u>13 ભાષાઓ</u>માં ઉપલબ્ધ હતી. હવે તેમાં <u>**કોંકણી, ભોજપુરી અને હરિયાણી**</u> ભાષાને પણ ઉમેરવામાં આવી છે.
3) આ એપમાં વિવિધ બેન્ક અકાઉન્ટને લિન્ક કરી શકાશે.
4) યુઝર્સને આ એપ દ્વારા વેપારી તરફથી હવે વિવિધ ઓફર પણ મળશે.
5) વધુ પૈસાની લેણ-દેણ થઈ શકે તે માટે ટ્રાન્ઝેક્શન મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.

### BHIM App શું છે ?

<u>BHIM Appનું</u> પૂરું નામ <u>BH</u>arat <u>I</u>nterface for <u>M</u>oney <u>App</u> છે.

- ભારતમાં નાણાંના ડિજિટલ ટ્રાન્સફરને પ્રોત્સાહન આપવા માટે <u>NPCI (National Payments Corporation of India)</u> દ્વારા આ એપ વિકસાવવામાં આવી છે.
- ડો. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરના નામ પરથી આ એપનું નામ રાખવામાં આવ્યું છે.
- ભારતમાં <u>30 ડિસેમ્બર, 2016</u>ના રોજ આ એપ લોન્ચ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'ઈન્ટરનેશનલ સ્ટટરિંગ અવેરનેસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 ઓક્ટોબર (B) 21 ઓક્ટોબર (C) 22 ઓક્ટોબર (D) 23 ઓક્ટોબર **(C)**

2. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે પ્રથમ બુદ્ધ સર્કિટ સ્પેશિયલ ટ્રેનનો પ્રારંભ થયો છે ?
(A) ભૂટાન (B) નેપાળ (C) મ્યાનમાર (D) શ્રીલંકા **(B)**

3. તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે બુદ્ધ સર્કિટ સ્પેશિયલ ટ્રેનનો પ્રારંભ થયો છે....આ ટ્રેન કયા સ્ટેશનેથી ઉપડશે ?
(A) સફદરગંજ રેલવે સ્ટેશન, ભોપાલ (B) સફદરગંજ રેલવે સ્ટેશન, લખનૌ
(C) સફદરગંજ રેલવે સ્ટેશન, વારાણસી (D) સફદરગંજ રેલવે સ્ટેશન, નવી દિલ્હી **(D)**

4. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં BHIM Appનું નવું કયું વર્ઝન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) 2.0 (B) 2.1 (C) 2.3 (D) 3.0 **(A)**

5. BHIM Appનું પૂરું નામ શું છે ?
(A) Bharat Interface for Money App (B) Bharat Interface of Money App
(C) Bharat Interface to Money App (D) Bharat Interface Money App **(A)**

6. ભારતમાં ભીમ એપ કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?
(A) ISRO (B) DRDO (C) NPCI (D) BPCL **(C)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## 23 OCTOBER, 2019 WEDNESDAY

### ➤ લદાખમાં ભારતના સૌથી ઊંચા પુલનું ઉદ્દઘાટન



22 ઓક્ટોબર 2019ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ભારતના લદાખમાં ભારતના સૌથી વધુ ઊંચાઈ પર આવેલા પુલનું લોકાર્પણ કર્યું છે.

- બે વખત મહાવીર ચક્રથી સન્માનિત કર્નલ ચેવાંગ રિનચેનના નામ પરથી આ પુલને કર્નલ ચેવાંગ રિનચેન પુલ (Col Chewang Rinchen Bridge) નામ આપવામાં આવ્યું છે.
- ભારતમાં પૂર્વ લદાખમાં આવેલો આ પુલ દુરબુક અને દૌલત બેગ ઓલ્ડીને જોડે છે.
- શ્યોક નદી (River Shyok) પર Border Roads Organisation (BRO) દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- કારાકોરમ અને ચાંગ ચેનમો પર્વતમાળા વચ્ચે આવેલો આ આશરે 400 મીટર લાંબો પુલ લગભગ 14,650 ફૂટની ઊંચાઈ પર બાંધવામાં આવ્યો છે.
- આ પુલના નિર્માણ માટે માઈક્રો પ્લાનિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ પુલનું નિર્માણ ચીનની સરહદથી નજીક થયું હોવાથી કૂટનીતિક દૃષ્ટિએ તેનું વિશેષ મહત્ત્વ છે.
- આ ઉપરાંત દુરબુકને દૌલત બેગ ઓલ્ડી સાથે જોડતો આ પુલ લદાખના લોકો તથા જમ્મુ કાશ્મીરના તમામ અંતરિયાળ વિસ્તારોને ભારતના અન્ય ભાગો સાથે જોડે છે. આથી આ પુલનું વિશેષ મહત્ત્વ છે.

**નોંધ :** (1) કર્નલ ચેવાંગ રિનચેનનો જન્મ લદાખ વિસ્તારમાં આવેલી સુમૂર, નુબ્રા ઘાટીમાં 11 નવેમ્બર, 1931ના રોજ થયો હતો.

(2) લેહ અને પરતાપુર ક્ષેત્રના રક્ષણ માટે તેમણે બતાવેલા અદમ્ય સાહસને કારણે તેમને 'લદાખના સિંહ'ના નામથી ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


બિનસચિવાલયની પરીક્ષા માટે વિશેષ પુસ્તકો




JAN TO AUG - 2019 CURRENT AFFAIRS

જાહેર વહીવટ

SUBJECT WISE 4000+ QUE - ANS

## ➤ 'આઝાદ હિંદ સરકાર'ની સ્થાપનાના 76મા વર્ષની ઉજવણી



21 ઓક્ટોબર, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હીના લાલ કિલ્લામાં 'આઝાદ હિંદ સરકાર'ની સ્થાપનાના 76મા વર્ષની ઉજવણી નિમિત્તે કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રાલય દ્વારા એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

- 21 ઓક્ટોબર, 1943ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝે સિંગાપોરમાં 'આઝાદ હિંદ સરકાર'ની સ્થાપના કરી હતી.
- જે ભારતની પ્રથમ સ્વતંત્ર સરકાર હતી.
- આ સરકારનું મુખ્ય મથક સિંગાપોર ઉપરાંત મ્યાનમારના રંગૂન ખાતે પણ સ્થાપવામાં આવ્યું હતું.
- આ સરકારની પોતાની બેંક હતી, પોતાનું ચલણ હતું, પોતાની ટપાલ ટિકિટ હતી, પોતાની ગુપ્તચર સેવા હતી.
- આ સરકારને જર્મની, જાપાન, ઇટલી, ફિલિપાઈન્સ, કોરિયા, ચીન, મંચુરિયા, ક્રોએશિયા, થાઈલેન્ડ, બર્મા (મ્યાનમાર) અને આયરલેન્ડ વગેરે દેશોએ માન્યતા આપી હતી.
- શ્રી સુભાષચંદ્ર બોઝ આ સરકારના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી (વડાપ્રધાન), વિદેશ મંત્રી અને યુદ્ધ મંત્રી હતા.
- શ્રી રાસ બિહારી બોસ આ સરકારના મુખ્ય સલાહકાર હતા. કેપ્ટન લક્ષ્મી સહગલ મહિલા સંગઠનના અધ્યક્ષા હતા. જ્યારે શ્રી એસ.એ. ઐયરને પ્રચાર અને પ્રસાર વિંગના પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ 'આઝાદ હિંદ સરકાર' અખંડ અને અવિભાજિત ભારતની દેશ બહાર બનેલી પ્રથમ સરકાર હતી.

(2) જે 'અર્જી-હકૂમત-એ-આઝાદ-હિંદ' અથવા તો 'સ્વાધીન ભારતની અંતરિમ સરકાર' તરીકે પણ ઓળખાય છે.

(3) 23 જાન્યુઆરી, 2019ના રોજ શ્રી સુભાષ ચંદ્ર બોઝની 122મી જયંતી નિમિત્તે નવી દિલ્હીના લાલ કિલ્લામાં સુભાષચંદ્ર બોઝ સંગ્રહાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

(4) શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897ના રોજ ઓડિશાના કટક ખાતે થયો હતો. તેમનો જન્મદિન 23 જાન્યુઆરી ભારતમાં 'રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન' તરીકે ઉજવાય છે.

(5) શ્રી સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજને 1942-43માં 'દિલ્હી ચલો'નો નારો સિંગાપોરથી જ આપ્યો હતો. (ગાંધીજી દ્વારા 1940-41માં શરૂ કરવામાં આવેલો 'વ્યક્તિગત સત્યાગ્રહ', 'દિલ્હી ચલો ચળવળ' તરીકે પણ ઓળખાય છે.)

(6) મહાત્મા ગાંધીજીને 'રાષ્ટ્રપિતા'નું બિરુદ શ્રી સુભાષચંદ્ર બોઝે જ આપ્યું હતું. આ માટે 6 જુલાઈ, 1944ના રોજ આઝાદ હિન્દ રેડિયો પર પોતાના ભાષણમાં તેમણે કહ્યું હતું કે "ભારતની આઝાદીના આ પવિત્ર યુદ્ધમાં ભારતના 'રાષ્ટ્રપિતા'ના ચરણોમાં વંદન. દેશની આઝાદી માટે આપના આશીર્વાદ જોઈએ છે."

(7) શ્રી સુભાષચંદ્ર બોઝે આપેલો 'જય હિન્દ'નો નારો ભારતનો 'રાષ્ટ્રીય નારો' બની ગયો છે.

(8) 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દુંગા'નો નારો પણ શ્રી સુભાષચંદ્ર બોઝે જ આપ્યો હતો.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં કઈ જગ્યાએ ભારતના સૌથી વધુ ઊંચાઈ પર આવેલા પુલનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ?<br>(A) સિક્કિમ (B) અરૂણાચલ પ્રદેશ (C) લદાખ (D) મણિપુર | (C) |
| 2. | તાજેતરમાં લદાખમાં નિર્માણ પામેલા ભારતના સૌથી ઊંચા પુલને શું નામ આપવામાં આવ્યું છે ?<br>(A) કર્નલ તેનજિંગ નામસે બ્રીજ (B) કર્નલ તેનજિંગ નામગ્યાર બ્રીજ<br>(C) કર્નલ ચેવાંગ રિનચેન બ્રીજ (D) કર્નલ તેનજિંગ રિનચેન બ્રીજ | (C) |
| 3. | તાજેતરમાં લદાખમાં કઈ નદી પર ભારતના સૌથી ઊંચા કર્નલ ચેવાંગ રિનચેન બ્રીજનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ?<br>(A) ચેનાબ (B) ઝેલમ (C) રાવી (D) શ્યોક | (D) |
| 4. | તાજેતરમાં લદાખમાં શ્યોક નદી પર નિર્માણ પામેલો કર્નલ ચેવાંગ રિનચેન બ્રીજ કયા બે વિસ્તારને જોડે છે ?<br>(A) દુરબુક અને દૌલત બેગ ઓલ્ડી (B) સુરનામ અને દૌલત બેગ ઓલ્ડી<br>(C) હઝમાન અને દૌલત બેગ ઓલ્ડી (D) હઝમનશા અને દૌલત બેગ ઓલ્ડી | (A) |
| 5. | 21 ઓક્ટોબર, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતે આઝાદ હિંદ સરકારની સ્થાપનાના કેટલામા વર્ષની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) 75મા (B) 76મા (C) 77મા (D) 78મા | (B) |
| 6. | શ્રી સુભાષ ચંદ્ર બોઝે 'આઝાદ હિંદ સરકાર'ની સ્થાપના ક્યારે કરી હતી ?<br>(A) 21 ઓક્ટોબર, 1942 (B) 21 ઓક્ટોબર, 1943<br>(C) 21 ઓક્ટોબર, 1944 (D) 21 ઓક્ટોબર, 1945 | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 24 OCTOBER, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 24 ઓક્ટોબર
(1) સંયુક્ત રાષ્ટ્ર દિવસ
(2) વિશ્વ પોલિયો દિવસ
(3) વિશ્વ વિકાસ માહિતી દિવસ
(World Development Information Day)


### ➤ BCCIના 39મા પ્રમુખ તરીકે શ્રી સૌરવ ગાંગુલી બિનહરિફ ચૂંટાયા

તાજેતરમાં ભારતીય ક્રિકેટ બોર્ડના નવા હોદ્દેદારોની નિમણૂક માટે ભારતમાં ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં BCCIના તમામ પાંચેય હોદ્દેદારો બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે.
- ભારતીય ક્રિકેટના વહીવટને પારદર્શી બનાવવા માટે કરવામાં આવેલી **લોઢા સમિતિ**ની ભલામણો અનુસારનું બંધારણ અમલમાં મૂક્યા બાદ યોજાયેલી આ પ્રથમ ચૂંટણી હતી.
- આ ચૂંટણીમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન **શ્રી સૌરવ ગાંગુલી BCCI**ના નવા **39મા પ્રમુખ** તરીકે બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે.
- BCCIના નવા પ્રમુખ તરીકે **શ્રી સૌરવ ગાંગુલી** BCCIના નવા કાર્યકારી પ્રમુખ **શ્રી સી.કે. ખન્ના**નું સ્થાન લેશે.

## BCCIના નવા હોદ્દેદારો

| ક્રમ | હોદ્દો | નામ |
|---|---|---|
| 1 | BCCIના પ્રમુખ (અધ્યક્ષ) | શ્રી સૌરવ ગાંગુલી |
| 2 | BCCIના નાયબ અધ્યક્ષ | શ્રી મહિમ વર્મા |
| 3 | BCCIના સેક્રેટરી | શ્રી જય શાહ |
| 4 | BCCIના જોઈન્ટ સેક્રેટરી | શ્રી જયેશ જ્યોર્જ |
| 5 | BCCIના ટ્રેઝરર (કોષાધ્યક્ષ) | શ્રી અરૂણ ધુમલ |



## BCCI

BCCIનું પૂરું નામ 'Board of Control for Cricket in India' છે.

- BCCI એ સમગ્ર વિશ્વમાં સૌથી ધનાઢ્ય ક્રિકેટ બોર્ડ છે.
- BCCIની સ્થાપના 1928માં થઈ હતી.
- તેનું વડું મથક મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આવેલું છે.
- શ્રી આર.ઈ. (Raymond Eustace) ગ્રાન્ટ ગોવન BCCIના પ્રથમ પ્રમુખ હતા.




## શ્રી સૌરવ ગાંગુલી

શ્રી સૌરવ ગાંગુલીનું પૂરું નામ શ્રી સૌરવ ચંડિદાસ ગાંગુલી છે.

- શ્રી સૌરવ ગાંગુલીનો જન્મ 8 જુલાઈ 1972ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતાના બેહાલા ખાતે થયો હતો.
- તેઓ Dada, Prince of Culcutta, Maharaja અને God of the off sideના હુલામણા નામથી પ્રસિદ્ધ છે.
- શ્રી સૌરવ ગાંગુલી મેચ ફિક્સિંગ કૌભાંડ બાદ વર્ષ 2000માં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામ

તાજેતરમાં 21 ઓક્ટોબર 2019ના રોજ મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે મતદાન થયું હતું. જેનું પરિણામ તા. 24 ઓક્ટોબર, 2019ના રોજ જાહેર થયું હતું, જે આ પ્રમાણે છે :

### મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પરિણામ - 2019

| ક્રમ | પક્ષ | બેઠક |
|---|---|---|
| 1. | ભારતીય જનતા પાર્ટી (BJP) | 105 |
| 2. | શિવસેના | 56 |
| 3. | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ | 44 |
| 4. | નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP) | 54 |
| 5. | અન્ય | 29 |
| | કુલ | 288 |




**નોંધ :** મહારાષ્ટ્રના ભાજપના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસનો મહારાષ્ટ્રની નાગપુર દક્ષિણ-પશ્ચિમ બેઠક પરથી વિજય થયો છે.

## હરિયાણા વિધાનસભા ચૂંટણી પરિણામ - 2019

| ક્રમ | પક્ષ | બેઠક |
|---|---|---|
| 1. | ભારતીય જનતા પાર્ટી (BJP) | 40 |
| 2. | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ | 31 |
| 3. | જનનાયક જનતા પાર્ટી (JJP) | 10 |
| 4. | અન્ય | 09 |
| | કુલ | 90 |

**નોંધ :** હરિયાણામાં ભાજપના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરનો હરિયાણાની કરનાલ વિધાનસભા બેઠક પરથી વિજય થયો છે.

## ગુજરાતની વિધાનસભાની છ બેઠકો માટેની પેટા ચૂંટણીના પરિણામ

21 ઓકટોબર, 2019ના રોજ ગુજરાત વિધાનસભાની છ બેઠકો માટે યોજાયેલી પેટા ચૂંટણીના પરિણામ આ પ્રમાણે છે :

## ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી પરિણામ - 2019

| ક્રમ | વિધાનસભા બેઠક | વિજેતા ઉમેદવાર | કોને હરાવીને |
|---|---|---|---|
| 1. | થરાદ (બનાસકાંઠા) | શ્રી ગુલાબસિંહ રાજપૂત (કોંગ્રેસ) | શ્રી જીવરાજ પટેલ (ભાજપ) |
| 2. | ખેરાલુ (મહેસાણા) | શ્રી અજમલજી ઠાકોર (ભાજપ) | શ્રી બાબુજી ઠાકોર (કોંગ્રેસ) |
| 3. | અમરાઈવાડી (અમદાવાદ) | શ્રી જગદીશ પટેલ (ભાજપ) | શ્રી ધર્મેન્દ્ર પટેલ (કોંગ્રેસ) |
| 4. | લુણાવાડા (મહીસાગર) | શ્રી જિગ્નેશ સેવક (ભાજપ) | શ્રી ગુલાબસિંહ ચૌહાણ (કોંગ્રેસ) |
| 5. | રાધનપુર (પાટણ) | શ્રી રઘુભાઈ દેસાઈ (કોંગ્રેસ) | શ્રી અલ્પેશ ઠાકોર (ભાજપ) |
| 6. | બાયડ (અરવલ્લી) | શ્રી જશુભાઈ પટેલ (કોંગ્રેસ) | શ્રી ધવલસિંહ ઝાલા (ભાજપ) |

**નોંધ :** (1) ગુજરાતની 6 બેઠકો પર સરેરાશ અંદાજિત 53.67 % મતદાન થયું હતું.

(2) જેમાં અમદાવાદની અમરાઈવાડી બેઠક પર સૌથી ઓછું માત્ર અંદાજિત 34.69 % મતદાન થયું હતું.

(3) ઉપરોક્ત છ ઉમેદવારોમાંથી ખેરાલુ બેઠકના ઉમેદવાર શ્રી અજમલજી ઠાકોરનો સૌથી વધુ (29 હજારથી વધુ) મતોથી વિજય થયો હતો.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 'સંયુક્ત રાષ્ટ્ર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ પોલિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર **(C)**

3. 'વિશ્વ વિકાસ માહિતી દિવસ' અથવા તો 'World Development Information Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર **(C)**

4. તાજેતરમાં BCCIના નવા પ્રમુખ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?
(A) શ્રી સૌરવ ગાંગુલી (B) શ્રી કપિલ દેવ
(C) શ્રી રવિ શાસ્ત્રી (D) શ્રી જય શાહ **(A)**

5. તાજેતરમાં શ્રી સૌરવ ગાંગુલી BCCIના કેટલામા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે ?
(A) 32મા (B) 36મા (C) 38મા (D) 39મા **(D)**

6. BCCIના નવા પ્રમુખ તરીકે શ્રી સૌરવ ગાંગુલીએ કોનું સ્થાન લીધું છે ?
(A) શ્રી શશાંક મનોહર (B) શ્રી જગમોહન દાલમિયા
(C) શ્રી વિનોદ રાય (D) શ્રી સી.કે. ખન્ના **(D)**

7. BCCIના નવા હોદ્દેદારોની નીચેની જોડમાંથી કઈ જોડ સાચી નથી ?
(A) BCCIના નાયબ અધ્યક્ષ – શ્રી મહિમ વર્મા
(B) BCCIના સેક્રેટરી – શ્રી જય શાહ
(C) BCCIના જોઈન્ટ સેક્રેટરી – શ્રી જયેશ જ્યોર્જ
(D) BCCIના ટ્રેઝરર – શ્રી અનુરાગ ઠાકુર **(D)**

8. BCCIનું પૂરું નામ શું છે ?
(A) Board of Control for Cricket in India
(B) Board of Control of Cricket in India
(C) Board for Control of Cricket in India
(D) Board for Control for Cricket in India **(A)**

9. 21 ઓક્ટોબર 2019ના રોજ મહારાષ્ટ્રમાં વિધાનસભાની કેટલી બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી ?
(A) 284 (B) 285 (C) 286 (D) 288 **(D)**

10. 21 ઓક્ટોબર 2019ના રોજ હરિયાણામાં વિધાનસભાની કેટલી બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી ?
(A) 88 (B) 90 (C) 91 (D) 92 **(B)**

11. 21 ઓક્ટોબર, 2019ના રોજ ગુજરાતમાં વિધાનસભાની કેટલી બેઠકો માટે પેટા ચૂંટણીનું આયોજન થયું હતું?
(A) 4 (B) 5 (C) 6 (D) 7 **(C)**

12. તાજેતરમાં ચર્ચામાં રહેલ પક્ષ JJPનું પૂરું નામ શું છે ?
(A) જનજાગરણ જનતા પાર્ટી (B) જન જાગરણ પાર્ટી
(C) જનજાગૃતિ જનતા પાર્ટી (D) જનનાયક જનતા પાર્ટી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**25 OCTOBER, 2019 FRIDAY**


## ➤ ચેનાની નાશરી સુરંગને ડો. શ્યામા પ્રસાદ મુખર્જી સુરંગ નામ આપવામાં આવ્યું



ભારતમાં 2 એપ્રિલ, 2017ના રોજ જમ્મુ કાશ્મીરમાં ચેનાની નાશરી નામની એક સુરંગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- આશરે 9.2 કિમી લંબાઈ ધરાવતી આ સુરંગ ભારતની સૌથી લાંબી આધુનિક સુરંગ છે.
- જમ્મુ કાશ્મીરમાં નેશનલ હાઈવે નંબર 44 પર આવેલી આ સુરંગ ઉધમપુરને રામબન સાથે જોડે છે.
- આ સુરંગ ટ્રાન્સવર્સ વેન્ટિલેશન સિસ્ટમ ધરાવતી ભારતની પ્રથમ અને વિશ્વની છટ્ઠી સુરંગ છે.
- જમ્મુ કાશ્મીરમાં આવેલી આ ચેનાની નાશરી સુરંગનું નામ બદલીને હવે ડો. શ્યામા પ્રસાદ મુખર્જી સુરંગ રાખવામાં આવ્યું છે.

### ડો. શ્યામા પ્રસાદ મુખર્જી



ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ભારતના પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી, ચિંતક અને ભારતીય જનસંઘના સ્થાપક હતા.

- તેમણે 21 ઓક્ટોબર 1951ના રોજ દિલ્હી ખાતે ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી. અને આ ભારતીય જનસંઘમાંથી જ 1980માં ભારતીય જનતા પાર્ટીની રચના થઈ હતી.
- ડો. શ્યામા પ્રસાદ મુખર્જી સ્વતંત્ર ભારતના પ્રથમ ઉદ્યોગ અને સપ્લાય મંત્રી હતા.
- જમ્મુ કાશ્મીરના અલગ બંધારણ, અલગ ધ્વજ અને અલગ વડાપ્રધાનના વિરોધમાં તેમણે 'એક વિધાન, એક નિશાન, એક પ્રધાન'નો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.
- તેઓ જમ્મુ કાશ્મીરને ભારતનો પૂર્ણ અને અભિન્ન ભાગ બનાવવા માગતા હતા.
- 1953માં જમ્મુ કાશ્મીરની યાત્રા દરમિયાન લાખેનપુર પાસે જ્યારે તેમની ગેર કાયદેસર રીતે ધરપકડ કરવામાં આવી ત્યારે તેમને ચેનાની નાશરીથી જ શ્રીનગર લઈ જવામાં આવ્યા હતા.
- 23 જૂન 1953ના રોજ કાશ્મીરમાં કારાવાસ દરમિયાન રહસ્યમય સંજોગોમાં તેમનું મૃત્યુ થયું હતું.

**નોંધ :** 6 જુલાઈ 1901ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે ડો. શ્યામા પ્રસાદ મુખર્જીનો જન્મ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ કેન્દ્ર સરકાર દ્વારા રવી પાક માટે ન્યૂનતમ ટેકાના ભાવોમાં વધારો

તાજેતરમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિની બેઠકમાં વર્ષ **2020-21**ના **રવી પાક** માટે **ન્યૂનતમ ટેકાના ભાવ**માં વધારો કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત વર્ષ **2019-20**ની તુલનાએ વર્ષ **2020-21**માં સૌથી વધુ **મસૂર**ના પાકમાં **325 રૂપિયા**નો વધારો કરવામાં આવ્યો છે.
- જ્યારે **ઘઉં** તથા **જવ**ના પાકોમાં **85 રૂપિયા**નો વધારો કરવામાં આવ્યો છે.

**રવી પાકોના ન્યૂનતમ ટેકાના ભાવ (Minimum Support Price - MSP)માં વધારો**

| ક્રમ | પાક | 2019-20 (ભાવ પ્રતિ ક્વિન્ટલ) | 2020-21 (ભાવ પ્રતિ ક્વિન્ટલ) | વધારો |
|---|---|---|---|---|
| 1 | ઘઉં | 1840 | 1925 | 85 |
| 2 | જવ | 1440 | 1525 | 85 |
| 3 | ચણા | 4620 | 4875 | 255 |
| 4 | મસૂર | 4475 | 4800 | 325 |
| 5 | રાઈડો | 4200 | 4425 | 225 |
| 6 | સનફ્લાવર | 4945 | 5215 | 270 |

**નોંધ :** (1) ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ **2022** સુધીમાં ખેડૂતોની આવક **ડબલ** કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(2) આ માટે વર્ષ **2018-19**ના કેન્દ્રીય બજેટમાં સરકારે ખેડૂતોને તેમની ઉત્પાદન પડતરથી **દોઢ ગણા** સુધી ન્યૂનતમ ટેકાનો ભાવ લઈ જવાની જાહેરાત કરી હતી. જેથી ખેડૂતોને ન્યૂનતમ ટેકાના ભાવની મદદથી ઓછામાં ઓછું **50 ટકા વળતર** મળી શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE ? Questions

1. ભારતની સૌથી લાંબી સુરંગનું નામ શું છે ?
   (A) ચેનાની નાશરી સુરંગ (B) ચેનાની મધુબની સુરંગ
   (C) ચેનાની નાયમાર સુરંગ (D) ચેનાની નયનીલ સુરંગ **(A)**

2. ભારતની સૌથી લાંબી ચેનાની નાશરી સુરંગને તાજેતરમાં કોનું નામ આપવામાં આવ્યું છે ?
   (A) શ્રી સુભાષચંદ્ર બોઝ (B) શ્રી દીનદયાળ ઉપાધ્યાય
   (C) શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા (D) શ્રી શ્યામા પ્રસાદ મુખર્જી **(D)**

3. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં વર્ષ 2020-21ની સિઝન માટે વર્ષ 2019-20ની તુલનાએ કયા રવી પાકના ન્યૂનતમ ટેકાના ભાવમાં સૌથી વધુ વધારો કરવામાં આવ્યો છે ?
   (A) ઘઉં (B) મસૂર (C) ચણા (D) સનફ્લાવર **(B)**

4. કેન્દ્ર સરકારે તાજેતરમાં વર્ષ 2019-20ની તુલનાએ વર્ષ 2020-21 દરમિયાન મસૂરના ન્યૂનતમ ટેકાના ભાવમાં કેટલા રૂપિયાનો વધારો કર્યો છે ?
   (A) 85 (B) 225 (C) 270 (D) 325 **(D)**

5. કેન્દ્ર સરકારે તાજેતરમાં વર્ષ 2019-20ની તુલનાએ વર્ષ 2020-21 દરમિયાન ઘઉંના ન્યૂનતમ ટેકાના ભાવમાં કેટલા રૂપિયાનો વધારો કર્યો છે ?
(A) 85 (B) 225 (C) 250 (D) 270 **(A)**

6. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં વર્ષ 2020-21ની રવી પાકની સિઝન માટે ઘઉંના પાક માટે પ્રતિ ક્વિન્ટલ કેટલા રૂપિયાનો ન્યૂનતમ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે ?
(A) 1840 (B) 1880 (C) 1925 (D) 1945 **(C)**

## 26 OCTOBER, 2019 SATURDAY

### ➤ વિજય હજારે ટ્રોફી 2019-20

તાજેતરમાં ભારતમાં **વિજય હજારે ક્રિકેટ ટ્રોફી 2019-20**નું આયોજન થયું હતું.

- આ ટ્રોફીની ફાઈનલ મેચમાં **તમિલનાડુ**ને 60 રને પરાજય આપીને **કર્ણાટકે** આ ટ્રોફી **ચોથી વખત** જીતી લીધી છે.
- વિજય હજારે ટ્રોફી એ ભારતની **ઘરેલુ વન ડે ક્રિકેટ ટુર્નામેન્ટ** છે.
- ભારતની રણજી ટ્રોફીની ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લે છે.
- પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર **શ્રી વિજય હજારે**ના નામ પરથી આ ટ્રોફીને નામ આપવામાં આવ્યું છે.

### ➤ Ease of Doing Business Report, 2020માં ભારત 63મા ક્રમે

**વર્લ્ડ બેન્ક** દ્વારા તાજેતરમાં **'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ, 2020'** પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર બિઝનેસની સરળતાની દષ્ટિએ વિશ્વના **190** દેશોમાં વર્ષ **2019**માં **ભારત 63મા** ક્રમે છે.
- જ્યારે આ અગાઉ વર્ષ **2018**માં આ રિપોર્ટમાં ભારત **77મા** ક્રમે હતું.
- આમ, વર્ષ **2018**ની તુલનાએ વર્ષ **2019**માં આ રિપોર્ટમાં ભારતના રેન્કમાં **14 ક્રમ**નો સુધારો થયો છે.
- આ અગાઉ વર્ષ **2018**માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારતનો સ્કોર **67.23** હતો. જે વધીને તાજેતરમાં 2019માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં **71.0** થઈ ગયો છે.
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં **ન્યુઝીલેન્ડ પ્રથમ** ક્રમે છે.
- જ્યારે **સોમાલિયા** અંતિમ **190મા** ક્રમે છે.

**Ease of Doing Business Ranking**

| Rank | Economy |
|---|---|
| 1 | ન્યુઝીલેન્ડ |
| 2 | સિંગાપોર |
| 3 | હોંગકોંગ |
| 63 | ભારત |
| 190 | સોમાલિયા |




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) વર્ષ 2003થી આ રિપોર્ટનો પ્રારંભ થયો છે.

(2) Paying Taxes, Credit availability, Property Registration, Starting a Business વગેરે જેવા 10 માપદંડોને આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

## ➤ 'ભારતની લક્ષ્મી' પહેલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સુશ્રી પી.વી. સિંધૂ અને સુશ્રી દીપિકા પાદુકોણની નિમણૂક



તાજેતરમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા ભારતમાં **'ભારતની લક્ષ્મી'** નામની એક પહેલ લોન્ચ કરવામાં આવી હતી.

- આ પહેલનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર દેશમાં મહિલાઓ દ્વારા કરવામાં આવેલા પ્રશંસનીય કાર્યોને દિપાવલીના તહેવાર નિમિત્તે દેશની સામે લાવવાનો હતો.
- ભારતમાં મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવેલી આ પહેલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડી **સુશ્રી પી.વી. સિંધૂ** અને ભારતના પ્રસિદ્ધ અભિનેત્રી **સુશ્રી દીપિકા પાદુકોણ**ની નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. વિજય હજારે ટ્રોફી 2019-20 વિજેતા ટીમનું નામ શું છે ?
(A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ (C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર **(C)**

2. વિજય હજારે ટ્રોફી 2019-20ની ફાઈનલ મેચમાં કોને પરાજય આપીને કર્ણાટકની ટીમે આ ટ્રોફી ચોથી વખત જીતી લીધી છે ?
(A) આંધ્રપ્રદેશ (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) હરિયાણા **(B)**

3. વર્લ્ડ બેન્ક દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ, 2020'માં ભારત કયા ક્રમે છે ?
(A) 77મા (B) 74મા (C) 67મા (D) 63મા **(D)**

4. વર્લ્ડ બેન્ક દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ, 2020'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) સિંગાપોર (B) ન્યુઝીલેન્ડ (C) હોંગકોંગ (D) નેધરલેન્ડ **(B)**

5. 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ, 2020'માં અંતિમ 190મા ક્રમે કયો દેશ છે ?
(A) ચાડ (B) સુદાન (C) ઝિમ્બાબ્વે (D) સોમાલિયા **(D)**

6. 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ, 2020'માં ભારતના રેન્કમાં કેટલા ક્રમનો સુધારો થયો છે ?
(A) 4 (B) 8 (C) 10 (D) 14 **(D)**

7. 'ભારતની લક્ષ્મી' પહેલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
1. સુશ્રી પી.વી. સિંધૂ 2. સુશ્રી મિતાલી રાજ
3. સુશ્રી દીપિકા પાદુકોણ 4. સુશ્રી પ્રિયંકા ચોપરા
(A) 1 અને 4 (B) 1 અને 3 (C) 1, 2, 3 (D) 1, 3, 4 **(B)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ ભારત વિશ્વની સૌથી મોટી ફેશિયલ રિકગ્નિશન સિસ્ટમ બનાવી રહ્યું છે

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર ભારત વિશ્વની સૌથી મોટી ફેશિયલ રિકગ્નિશન સિસ્ટમ તૈયાર કરી રહ્યું છે. ભારતમાં ગુનાખોરી પર કાબૂ મેળવવા માટે અને લાપતા બાળકોને શોધવા માટે આ સિસ્ટમથી લાભ થશે. આ એક સેન્ટ્રલાઈઝડ ડેટાબેઝ હશે. જેનો ઉપયોગ તમામ રાજ્યોની પોલીસ કરી શકશે. આ નેટવર્કને બનાવવા માટે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (NCRB)એ 172 પેઈજનો દસ્તાવેજ રજૂ કર્યો છે. તેમાં ગુનેગારોની તસવીરો તેમજ મહિલા અને બાળવિકાસ મંત્રાલય સહિત ઘણી એજન્સીઓ દ્વારા લેવાયેલી તસવીરોને સામેલ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ લખનૌની સિટી મોન્ટેસરી સ્કૂલે વિશ્વની સૌથી મોટી સ્કૂલ બનવાનો રેકોર્ડ સર્જ્યો

ભારતમાં લખનૌની સિટી મોન્ટેસરી સ્કૂલમાં વર્ષ 2019-20માં વિશ્વમાં સૌથી વધુ લગભગ 55,547 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આથી, આ સ્કૂલે તાજેતરમાં સૌથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યાની દ્દષ્ટિએ વિશ્વની સૌથી મોટી સ્કૂલ બનવાનો ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે.

### ➤ ભારત, ભૂટાન અને નેપાળે ટ્રાન્સ બોર્ડર કન્ઝર્વેશન પાર્કની સ્થાપના માટે MOU કર્યા

તાજેતરમાં ભારત, ભૂટાન અને નેપાળે ટ્રાન્સ બોર્ડર કન્ઝર્વેશન પાર્કની સ્થાપના માટે MOU પર હસ્તાક્ષર કર્યા છે. આ પાર્ક ભૂ–દશ્ય પર આધારિત હશે. આ નવો પાર્ક માનસ પાર્કનો વિસ્તાર હશે. ભારતમાં હાથી જેવા પ્રવાસી પ્રજાતિઓને ધ્યાનમાં રાખીને આ પાર્કની પહેલ કરવામાં આવી છે. માનસ નેશનલ પાર્ક આસામ અને ભૂટાનની સરહદે આવેલો છે.

### ➤ જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર તરીકે શ્રી ગિરિશ ચન્દ્ર મુર્મૂની નિમણૂક

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર (ઉપ રાજ્યપાલ) તરીકે શ્રી ગિરિશ ચન્દ્ર મુર્મૂની નિમણૂક કરવામાં આવી છે. શ્રી ગિરિશ ચન્દ્ર મુર્મૂ 1985ની બેચના ગુજરાત કેડરના IAS ઓફિસર છે. હાલમાં તેઓ ભારતના નાણા મંત્રાલયના ખર્ચ વિભાગના સચિવ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય સચિવ (Principal Secretary) હતા. જમ્મુ કાશ્મીર રાજ્યના અંતિમ રાજ્યપાલ શ્રી સત્યપાલ મલિકના સ્થાને તેઓ નવા કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરના પ્રથમ ઉપ રાજ્યપાલ તરીકેનો પદભાર સંભાળશે. શ્રી ગિરિશ ચન્દ્ર મુર્મૂનો જન્મ ઓડિશાના મયુરભંજ ખાતે થયો હતો.

## ➤ શ્રી રાધાકૃષ્ણ માથુરની લદાખના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિમણૂક

તાજેતરમાં **શ્રી રાધાકૃષ્ણ માથુર**ની નવ નિર્મિત કેન્દ્ર શાસિત પ્રદેશ **લદાખ**ના **પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર (ઉપ રાજ્યપાલ)** તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી રાધાકૃષ્ણ માથુર **1977**ની બેચના **ત્રિપુરા કેડર**ના IAS ઓફિસર છે. આ અગાઉ તેઓ નવેમ્બર, 2018માં ભારતના **મુખ્ય માહિતી કમિશનર (Chief Information Commissioner)**ના પદેથી નિવૃત્ત થયા હતા. 25 નવેમ્બર 1953ના રોજ ભારતના **ઉત્તર પ્રદેશ**માં તેમનો જન્મ થયો હતો.

## ➤ જમ્મુ કાશ્મીરના અંતિમ રાજ્યપાલ શ્રી સત્યપાલ મલિકની ગોવાના નવા રાજ્પાલ તરીકે નિમણૂક

ભારતમાં જમ્મુ કાશ્મીર રાજ્યના અંતિમ ગવર્નર(રાજ્યપાલ) **શ્રી સત્યપાલ મલિક**ની **ગોવા**ના નવા **રાજ્યપાલ** તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી સત્યપાલ મલિક ગોવાના **18મા** રાજ્યપાલ બન્યા છે. ગોવાના નવા 18મા રાજ્યપાલ તરીકે શ્રી સત્યપાલ મલિકે **શ્રીમતી મૃદુલા સિન્હા**નું સ્થાન લીધું છે. **ઉત્તરપ્રદેશ**ના **હિસાવાડા**માં જન્મેલા **શ્રી સત્યપાલ મલિકે જમ્મુ કાશ્મીર** ઉપરાંત **બિહાર** અને થોડા સમય માટે **ઓડિશા**ના રાજ્યપાલ તરીકેનો પદભાર પણ સંભાળ્યો છે.

# વિશ્વ

## ➤ ક્વાન્ટ્સ એરલાઇને વિશ્વની સૌથી લાંબી અને નોનસ્ટોપ ફ્લાઇટનો રેકોર્ડ સર્જ્યો

તાજેતરમાં **ક્વાન્ટ્સ એરલાઇન**ની એક ફ્લાઈટે ક્યાંય પણ રોકાયા વિના **અમેરિકા**ના **ન્યુયોર્ક**થી **ઓસ્ટ્રેલિયા**ના **સિડની** સુધીનું **16000 કિમી**નું અંતર કાપ્યું હતું. આ ફ્લાઈટે **ન્યુયોર્કથી સિડની** વચ્ચેનું આ અંતર સતત **19 કલાક 16 મિનિટ** ઉડાન ભરીને કાપ્યું હતું. અને આ સાથે જ **ક્વાન્ટ્સ એરલાઇને** વિશ્વની સૌથી લાંબી અને નોન સ્ટોપ ફ્લાઈટનો રેકોર્ડ સર્જ્યો છે. ક્વાન્ટ્સ એ ઓસ્ટ્રેલિયાનું કોમર્શિયલ એરલાઈન ગ્રુપ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

➤ તાજેતરમાં કયા દેશ દ્વારા વિશ્વની સૌથી મોટી ફેશિયલ રિકગ્નિશન સિસ્ટમ ડેવલપ કરવામાં આવી રહી છે ?
– ભારત

➤ તાજેતરમાં ભારતના કયા શહેરની સ્કૂલે વિદ્યાર્થીઓની સંખ્યાની દષ્ટિએ વિશ્વની સૌથી મોટી સ્કૂલ બનવાનો ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે ?
– લખનૌ (ઉત્તરપ્રદેશ)

➤ તાજેતરમાં ભારતમાં કઈ સ્કૂલે વિદ્યાર્થીઓની સંખ્યાની દષ્ટિએ વિશ્વની સૌથી મોટી સ્કૂલ બનવાનો ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે ?
– સિટી મોન્ટેસરી સ્કૂલ

➤ તાજેતરમાં ટ્રાન્સ બોર્ડર કન્ઝર્વેશન પાર્કની સ્થાપના માટે ભારતે કયા દેશ સાથે MOU કર્યા છે ?
– ભૂટાન અને નેપાળ

➤ જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર અથવા તો ઉપ રાજ્યપાલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી ગિરિશ ચન્દ્ર મુર્મૂ

- જમ્મુ કાશ્મીરના પ્રથમ ઉપ રાજ્યપાલ શ્રી ગિરિશ ચન્દ્ર મુર્મૂ કઈ કેડરના 1985ની બેચના IAS ઓફિસર છે ? – ગુજરાત
- લદાખના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર અથવા તો ઉપ રાજયપાલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી આર.કે. (રાધાકૃષ્ણ) માથુર
- ગોવાના નવા રાજ્યપાલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સત્યપાલ મલિક
- તાજેતરમાં કોની જગ્યાએ ગોવાના નવા રાજ્યપાલ તરીકે શ્રી સત્યપાલ મલિકની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રીમતી મૃદુલા સિન્હા
- તાજેતરમાં કઈ એરલાઈને વિશ્વની સૌથી લાંબી અને નોનસ્ટોપ ફ્લાઈટનો રેકોર્ડ સર્જ્યો છે ? – ક્વાન્ટ્સ એરલાઈન
- તાજેતરમાં ક્વાન્ટ્સ એરલાઈને કયા બે શહેરો વચ્ચેનું લગભગ 16000 કિમી જેટલું નોન સ્ટોપ અંતર કાપીને વિશ્વની સૌથી લાંબી અને નોનસ્ટોપ ફ્લાઈટનો રેકોર્ડ સર્જ્યો છે ? – ન્યુયોર્ક અને સિડની

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. ભારતમાં 'શૂન્ય બજેટ પ્રાકૃતિક કૃષિ'ના જનક તરીકે કોણ ઓળખાય છે ? – શ્રી સુભાષ પાલેકર
2. તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્રી સુભાષ પાલેકર કયા રાજ્યના છે ? – મહારાષ્ટ્ર
3. તાજેતરમાં ગુજરાતની કઈ સરકારી ઈજનેરી કોલેજના સહાયક અધ્યાપક શ્રી યોગેશ મકવાણાનું વીજ પ્રવાહ અંગેના સંશોધન માટે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા સન્માન કરવામાં આવ્યું છે ? – દાહોદ
4. ભારતમાં કેન્દ્ર સરકારે હાલ દેશના 75 જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો સ્થાપવા માટેની પ્રક્રિયા હાથ ધરી છે...આ અંતર્ગત ગુજરાત સરકારે ગુજરાતના કયા ત્રણ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો સ્થાપવા માટે દરખાસ્ત કરી છે ? – નર્મદા, નવસારી અને પોરબંદર
5. તાજેતરમાં ગુજરાતમાં વિજયાદશમીના પાવન પર્વે ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલી 16મી ગ્રામીણ ઓલિમ્પિકમાં ગુજરાતના રાજ્યકક્ષાના પશુપાલન, ગૌસંવર્ધન, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી બચુભાઈ ખાબડે હોકીના અત્યાધુનિક એસ્ટ્રોટર્ફ ગ્રાઉન્ડનું લોકાર્પણ કરાવ્યું છે ? – દેવગઢ બારિયા
6. તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને ક્લેરિસ ગ્રુપ દ્વારા ગુજરાતના કયા શહેરમાં યોજાયેલી ટી-20 સ્કૂલ ફૂટબોલ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન તરીકે તાજેતરમાં કોણે પદભાર સંભાળ્યો છે ? – શ્રી પરેશ એસ. ધોરા

8. તાજેતરમાં ગુજરાતમાં 'સેવા સેતુ' કાર્યક્રમના પાંચમા તબક્કાના પ્રથમ 10 દિવસ દરમિયાન આ કાર્યક્રમોમાં મળેલી અરજીઓના હકારાત્મક ઉકેલમાં ગુજરાતનો કયો જિલ્લો પ્રથમ ક્રમે છે ? – વડોદરા

9. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં પ્લાસર ઈન્ડિયાના રેલ ઉપકરણ પ્લાન્ટનું ગુજરાતમાં ક્યાંથી લોકાર્પણ કરાવ્યું છે ? – દેથાણ (તા. કરજણ, જિ. વડોદરા)

10. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ઓક્ટોબર 2019 દરમિયાન કયા દેશની પાંચ દિવસની મુલાકાત લીધી હતી ? – ઉઝબેકિસ્તાન

11. 26 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતમાં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતના કયા જિલ્લામાં થશે ? – રાજકોટ

12. ગ્રીક ગણિત 'ગોલ્ડન રેશિયો ઓફ બ્યુટી ફી'ના માપદંડને આધારે વૈજ્ઞાનિકોએ તાજેતરમાં કયા મહિલાને વિજ્ઞાનને આધારે સૌથી સુંદર મહિલા જાહેર કર્યા છે ? – સુશ્રી બેલા હદીદ (અમેરિકી મોડલ)

13. ગુજરાતના કયા ગામમાં યુવાનોને દારૂની લતમાંથી મુક્ત કરવા માટે દારૂડિયાને પાંજરામાં પૂરીને આખા ગામમાં ફેરવવાનો નિયમ બનાવવામાં આવ્યો છે ? – મોતીપુરા (અમદાવાદ જિલ્લાના સાણંદ પાસે આ ગામ આવેલું છે)

14. 'વિશ્વ આંકડા દિવસ' અથવા તો 'World Statistics Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 20 ઓક્ટોબર

15. રસાયણશાસ્ત્રીઓ તથા રસાયણ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ દ્વારા 'મોલ દિવસ' (Mole Day) તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – 23 ઓક્ટોબર

16. વર્ષ 2019ની 'મોલ દિવસ' (Mole Day)ની થીમ શું છે? – Despica MOLE Me !

17. ઠોટલાકોંડા બૌદ્ધ પરિસર ક્યાં આવેલું છે ? – વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ
(તાજેતરમાં ભારે વરસાદને કારણે આ બૌદ્ધ પરિસરનો કેટલોક ભાગ ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો...તેથી તે હાલ ચર્ચામાં છે)

18. તાજેતરમાં કયા દેશે ભારત સાથેની ટપાલ સેવા બંધ કરી છે ? – પાકિસ્તાન

19. તાજેતરમાં કયા દેશમાં અભિવ્યક્તિની આઝાદી માટે અખબારોએ પહેલા પાને કોઈ સમાચારો છાપવાની જગ્યાએ ગોપનીયતાના એક લોગા સાથે પહેલા પાનાના અક્ષર કાળી શાહીથી છૂપાવ્યા હતા ? – ઓસ્ટ્રેલિયા

20. તાજેતરમાં ભારતના ઘરઆંગણાની ફૂટબોલની પ્રીમિયર ટુર્નામેન્ટ ISL (ઈન્ડિયન સુપર લીગ)ની છટ્ઠી સિઝનનો ક્યાંથી પ્રારંભ થયો છે ? – કોચી (કેરળ)

21. તાજેતરમાં સ્પેનના કયા પ્રદેશે સ્પેનથી અલગ થવા માટે ફરીથી આંદોલન શરૂ કર્યું છે ? – કેટેલોનિયા

22. તાજેતરમાં કેટેલોનિયા નામના પ્રદેશે કયા દેશથી અલગ થવા માટે આંદોલન શરૂ કર્યું છે ? – સ્પેન

23. તાજેતરમાં ગુજરાત સરકારે ગુજરાતમાં કઈ જગ્યાએ વિશ્વનું સૌથી મોટું અંડરગ્રાઉન્ડ મ્યુઝિયમ બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે ? – વડનગર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

24. તાજેતરમાં 20 ઓક્ટોબર 2019ના રોજ ભારતીય સેનાએ કાશ્મીર અથવા તો POKમાં કઈ ઘાટીમાં આવેલા 4 આતંકી લોન્ચ પેડને ધ્વસ્ત કરીને લગભગ 20 જેટલા આતંકીને ફૂંકી માર્યા હતા ? – નીલમ ઘાટી

25. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કયા દેશમાં શ્રી સરદાર પટેલની અર્ધપ્રતિમાનું અનાવરણ તથા શ્રી સરદાર પટેલ સ્ટ્રીટનું નામકરણ કર્યું હતું ? – ઉઝબેકિસ્તાન (ઉઝબેકિસ્તાનના અંદિજાન શહેરમાં)

26. તાજેતરમાં ભારતના કયા ભૂતપૂર્વ CVC અને CBDTના પૂર્વ વડા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે જોડાયા છે ? – શ્રી વી.કે. ચૌધરી

27. વિશ્વની પ્રસિદ્ધ ફૂટબોલ ક્લબ ચેલ્સી FCએ ભારતમાં પોતાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરી છે ? – શ્રી અર્જુન કપુર

28. એક જ ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારા વિશ્વના પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા

29. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉઝબેકિસ્તાનની યાત્રા દરમિયાન ભારતના કયા ગ્રૂપે રૂ. 2 કરોડના ખર્ચે ઉઝબેકિસ્તાનના ફરગના પ્રાંતમાં પ્રથમ સ્વતંત્ર ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટે MOU કર્યા છે ? – શારદા ગ્રૂપે

30. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાનના કયા શહેરમાં આવેલા ઉઝબેક-ઈન્ડિયા ફ્રી ફાર્મા ઝોનમાં 5 કરોડ ડોલરના ખર્ચે બનનારા ફાર્માસ્યુટિકલ પ્લાન્ટનું ભૂમિપૂજન કર્યું હતું ? – અંદિજાન

31. વૈશ્વિક આર્થિક સંસ્થા ક્રેડિટ સ્યુઈસના રિપોર્ટ અનુસાર કયા દેશમાં પુખ્તવયની વ્યક્તિઓની વ્યક્તિગત આવક વિશ્વમાં સૌથી વધારે છે ? – સ્વિત્ઝર્લેન્ડ

32. તાજેતરમાં ભારતની કઈ હાઈકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપતા જણાવ્યું હતું કે, 'કોઈપણ વ્યક્તિની જાતિ જન્મથી જ નક્કી થાય છે, લગ્નના આધારે તે બદલાતી નથી' ? – મદ્રાસ હાઈકોર્ટ

33. તાજેતરમાં ઉબેરે ભારતના કયા શહેરમાં એશિયામાં પ્રથમ વખત પબ્લિક ટ્રાન્સપોર્ટ એપ લોન્ચ કરી છે ? – દિલ્હી

34. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે 1 જાન્યુઆરી 2021થી બેથી વધુ સંતાનો ધરાવતી વ્યક્તિને સરકારી નોકરી નહિ મળે તેવો નિર્ણય કર્યો છે ? – આસામ

35. તાજેતરમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચની સીરિઝ ભારતે કેટલા અંતરથી જીતી લીધી છે ? – 3-0

36. તાજેતરમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી ત્રણ ટેસ્ટ મેચની સીરિઝમાં 'પ્લેયર ઓફ ધ સીરિઝ' વિજેતા ખેલાડીનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા

37. તાજેતરમાં રાંચી ખાતે યોજાયેલી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં 'પ્લેયર ઓફ ધ મેચ' વિજેતા ખેલાડીનું નામ શું છે ? – શ્રી રોહિત શર્મા

38. તાજેતરમાં ભારતમાં 31 ઓક્ટોબર 2019ના રોજ 'એકતા દિવસ'ની રાષ્ટ્ર કક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ? – એકતા નગરી, કેવડિયા કોલોની (ગુજરાત)

39. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાનના કયા શહેરમાં મહાત્મા ગાંધી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું ? – તાશ્કંદ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

40. તાજેતરમાં BCCIના નવા હોદ્દેદારોની ચૂંટણી બાદ ભારતમાં છેલ્લા 33 મહિનાથી BCCIનું સંચાલન કરતી કઈ સમિતિના કાર્યકાળનો અંત આવી ગયો છે ?

– શ્રી વિનોદ રાયની અધ્યક્ષતા વાળી કમિટી ઓફ એડમિનિસ્ટ્રેટર્સ (COA)

41. તાજેતરમાં ચર્ચામાં રહેલ RCEPનું પૂરું નામ શું છે ?

– Regional Comprehensive Economic Partnership

42. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ઉઝબેકિસ્તાનના તેમના પ્રવાસ દરમિયાન ઉઝબેકિસ્તાનના કયા રાષ્ટ્રપતિ અથવા તો રાષ્ટ્ર પ્રમુખ સાથે મંત્રણા કરી હતી ? – શ્રી શવકર મિરઝીયોયેવ

43. તાજેતરમાં વુશુ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – શ્રી પ્રવિણ કુમાર

44. તાજેતરમાં ભારતના શ્રી પ્રવિણ કુમારે કયા વજન વર્ગની સ્પર્ધામાં ફિલિપાઈન્સના શ્રી રસેલ ડિયાઝને હરાવીને વુશુ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો ? – 48 કિલોગ્રામ

45. યુનાઈટેડ નેશન્સ ગુજરાત (UNA-Gujarat)ના પ્રમુખ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– શ્રી ભરત પંડ્યા (ગુજરાત ભાજપ પ્રવક્તા)

46. યુનાઈટેડ નેશન્સ ગુજરાત (UNA-Gujarat)ના ઉપ પ્રમુખ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– શ્રી ધનરાજ નથવાણી

47. IMF દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો આર્થિક વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 7 ટકા

48. તાજેતરમાં કેન્દ્ર સરકારે લોક કલાકારોનું માનદવેતન રૂ. 800થી વધારીને કેટલા રૂપિયા કર્યું છે ? – રૂ. 2000

49. વર્ષ 2015માં વિશ્વમાં સૌથી વધુ ઊન આપવાનો રેકોર્ડ સર્જનાર કયા ઘેટાનું તાજેતરમાં મૃત્યુ થયું છે ?

– ક્રિસ (ઓસ્ટ્રેલિયા)

50. તાજેતરમાં સુરતના ઈનડોર સ્ટેડિયમમાં યોજાયેલી મિક્સ આર્ટ કુડોની વર્લ્ડ ચેમ્પિયનશિપ દરમિયાન સુરતના કયા વ્યક્તિએ છાતી ઉપર ખીલાવાળા પાટિયાના નવ લેવલ બનાવીને તેમજ મોસ્ટ લેયર નેલબેક સેન્ડવીચમાં 9 લેયર તોડીને અને મોસ્ટ આયર્ન રોડ બેન્ડમાં એક મિનિટમાં 21 લોખંડના સળિયા વાળીને અનેક વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યા હતા?

– શ્રી વિસ્પી ખરાડી

51. તાજેતરમાં કઈ કંપનીએ ‘ક્વોન્ટમ કમ્પ્યુટિંગ’ તરીકે ઓળખાતી અસાધારણ ટેકનોલોજી વિકસાવવામાં સફળતા મેળવી હોવાનો દાવો કર્યો છે ? – ગૂગલ

(‘ક્વોન્ટમ કમ્પ્યુટિંગ’ એટલે એવી ટેકનોલોજી કે જેમાં અત્યાર સુધીમાં તૈયાર થયું ન હોય તેવું ફાસ્ટેસ્ટ પ્રોસેસર વિકસાવવું)

52. તાજેતરમાં કયા શહેરમાં આવેલી ઈન્સ્ટિટયૂટના સંશોધકોએ ઘાસના વિકલ્પ રૂપે પશુઓ ખાઈ શકે તેવા કાંટા વિનાના થોરની નવી જાત શોધવામાં સફળતા મેળવી છે ? – ભૂજ (કચ્છ)

53. તાજેતરમાં કઈ ઈન્સ્ટિટયૂટના સંશોધકોએ ઘાસના વિકલ્પ રૂપે પશુઓ ખાઈ શકે તેવા કાંટા વિનાના થોરની નવી જાતો શોધવામાં સફળતા મેળવી છે ? – સેન્ટ્રલ એરિડઝોન રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, ભૂજ

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- SBI
- PSI
- TALATI
- UPSC
- PO
- PI
- Dy. S.O.
- IBPS
- CLERK
- CONSTABLE
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.